**મહે.લેબર કોર્ટ સુરતના એડી.ચીફ.જયુ.મેજી. તથા ન્યાયાધીશ**

**શ્રી એચ.કે.મેરીયા,(એસ.ડી.)સાહેબ સમક્ષ,જી.સુરત**

**ફોજદારી કેસ નં.૪૩૮/૨૦૨૬**

**આંક–૧૪**

**ફરીયાદી– સરકાર પક્ષે શ્રી ડો.જી.વી.સવાણી,નિરીક્ષક,સુરત.**

**વિરુધ્ધ**

**આરોપી–(૧) એસ.એસ.બી.ફેસેલિટી મેનેજમેન્ટ સર્વિસીસ પ્રા.લી.–સંસ્થા**

૮૫૯–૮૬૦ આઠમો માળ જાપાન માર્કેટ,બેલ્જિયમ સ્કવેર

નજીક, રીંગરોડ,સુરત

**(૨) શ્રી તપન એસ ભગત–ડિરેકટરશ્રી**

જી–૫,સિધ્ધાર્થ એપાર્ટમેન્ટ હનીપાર્ક રોડ,અડાજણ,સુરત

**(૩) શ્રી નિલમબેન ટી ભગત–ડિરેકટરશ્રી (અવસાન પામેલ છે)**

જી–૫,સિધ્ધાર્થ એપાર્ટમેન્ટ હનીપાર્ક રોડ,અડાજણ,સુરત

**ગુનો– સમાન વેતન અધિનિયમ–૧૯૭૬ અને ઉકત અધિનિયમ હેઠળના ગુજરાતના નિયમો–૧૯૭૬ ના નિયમ–૬ ના ઉલ્લંઘન બદલ**

**– ચુકાદો –**

(૧) ઉપરોકત જણાવેલ આરોપીઓ સામે ફરિયાદીશ્રી,સુરતનાએ ઉપર જણાવ્યા મુજબના ગુન્હા માટે ફરિયાદ નોંધાવી છે.ત્યારબાદ આરોપીને સદરહું ગુના માટે સમન્સ કાઢતા જે સંદર્ભે આરોપી વતી તેઓને ઓથોરીટી આપનાર વ્યકિત અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગમાં હાજર થયેલ.જેથી તેઓને ફરીયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મુલ્યે આપવામાં આવેલ.ત્યારબાદ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબુલ છે કે કેમ? તેવુ

પુછવામાં આવેલ જેથી તેઓએ આરોપીઓ વતી ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે અને સદર કામે આંક–૧૦ અને ૧૧ થી પ્લી તથા આંક–૧૨ અને ૧૩ થી કબુલાત પુરસીસ રજુ કરેલ છે.તેઓએ આરોપી વતી ગુન્હાની કબુલાત પુરસીસ રજુ કરતા તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરુધ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે.આમ છતાં તેઓએ આરોપી વતી ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે જેથી તેઓને પ્લી નોધવામાં આવેલ છે.વધુમાં સદર કામે ફોજદારી તપાસ નં.૪૩/૨૦૨૬ ના કામે આરોપી નં.૨ અત્રેની કોર્ટમાં હાજર થઇને આરોપી નં.૩ અવસાન પામેલ છે તે સંબંધે નિ.૬/૧ થી મરણનું પ્રમાણપત્ર રજૂ કરેલ છે જેથી સદર ફોજદારી તપાસ નં.૪૩/૨૦૨૬ ના કામે માત્ર આરોપી નં.૧ અને આરોપી નં.૨ વિરુધ્ધ જ પ્રોસેસ ઇસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.આમ,હાલના ફોજદારી કેસ અનવ્યે આરોપી નં.૧ અને ૨ પુરતી ઇન્સાફી કાર્યવાહી આગળ ધરવામાં આવેલ છે.આરોપીપક્ષે આંક–૯ થી ઓથોરીટી લેટર રજૂ કરેલ છે જે વંચાણે તથા ધ્યાને લીધેલ છે.

(૨) તેઓની હાલની ફરીયાદ અનવ્યેનો ગુન્હો કોઇપણ જાતની લાલચ કે દબાણ વિના કબુલ કરતા હોવાનું જણાવીને કબુલાત પુરસીસ રજુ કરેલ છે.વધુમાં જણાવેલ છે કે,તેઓને સદરહું ગુનો કરવાનો કોઇ ઇરાદો ન હતો પરંતુ અજાણતા અને કાયદાની અજ્ઞાનતાને કારણે ગુન્હો થયેલ છે જે બદલ તેઓ માફી માંગે છે અને ભવિષ્યમાં આવા પ્રકારનો કોઇ ગુન્હો આરોપી વતી કરવામાં આવશે નહી તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધારવાની તક

આપવા તથા સજા કર્યા વિના છોડી મુકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૩) સદર કામે આરોપી વતી ઓથોરીટી અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે તે સંજોગોમાં આરોપીની ઓથોરીટીના આધારે જે વ્યકિત અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહીને ગુન્હાની કબુલાત પુરસીસ રજુ કરેલ હોય તેઓ ગુન્હો કબુલ કરી શકે છે. તેઓને સમાન વેતન અધિનિયમ–૧૯૭૬ અને ઉકત અધિનિયમ હેઠળના ગુજરાતના નિયમો–૧૯૭૬ ના નિયમ–૬ ના મુજબનો ગુન્હો કરેલ છે.તે સંજોગોમાં આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરતા હોય તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે,પરંતુ આરોપીએ જે જોગવાઇનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતાં તથા ગુનો કબુલ કરનારની ઉંમર,કેસની હકીકત,કેસનું આયુષ્ય, સજાની જોગવાઇ ગુન્હાનો પ્રકાર વિગેરે તેમજ ખાસ સવિશેષ **નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદ ઠાકોર,૨૦૦૫ (૧) જી.એલ.આર.પાન નં.૭૦૯** ઉપરનાં ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતાં તેઓને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે,જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

**– આખરી હુકમ –**

(૧) આરોપીને **સમાન વેતન અધિનિયમ–૧૯૭૬ અને ઉકત અધિનિયમ હેઠળના ગુજરાતના નિયમો–૧૯૭૬ ના નિયમ–૬ ના ઉલ્લંઘન બદલ**ના ઉલ્લંઘન બદલ સદરહું અધિનિયમની કલમ–૨૨એ મુજબ શિક્ષાપાત્ર ગુના અંગે દરેક નિયમના ઉલ્લંઘન માટે તકસીરવાર ઠરાવી દરેક આરોપીઓને **રૂ.૫,૦૦૦/–**

**(અંકે રૂ.પાંચ હજાર પુરા)** નો દંડ ભરવા અને જો દંડ ન ભરે તો તેના કસુર બદલ દિન–૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ મુજબ સદર કામે **રૂ.૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દસ હજાર પુરા)** વસુલ મેળવવા.આરોપીઓ વતી ઓથોરાઈઝ પર્સન **શ્રી મન ભગત**ના ઓને ઉપરોકત દંડની રકમ ભરવાની સજા કરવામાં આવે છે.

(૨) આરોપીઓ વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર **શ્રી મન ભગત**ની રકમ ભરવામાં કસુર કરે તો તેઓએ ૧૦ દીનની સાદી કેદની સજા ભોગવાની રહેશે.

(૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૧૧ મી,માહે–જુલાઇ,સને–૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં સ્પેશ્યલ સીટીંગ અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૧૧/૦૭/૨૦૨૬
સ્થળ–સુરત

**(હિતેન્દ્ર કરશનભાઇ મેરીયા)**
એડી.ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રીટ
મજુર અદાલત નં.૩,સુરત
Code No.GJ01279